અપીલ અરજી નં.૬૪/૦૮–૦૯ તા. ૧૭–૬–૦૮

અરજદારઃ શ્રી ભરતભાઈ ભગવાનભાઈ પટેલ
સામાવાળાઃઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતભાઈ ભગવાનભાઈ પટેલની તા.૧૨–૫–૦૮ ની અરજીથી વરાછાઝોન વિસ્તારમાં બિનઅધિકૃત બાંધકામની જવાબદારી તેમજ બેકાળજી બદલ પગલાંની જોગવાઈ, ડીમોલેશનની કામગીરીમાં પ્રાયોરીટી, તોડવામાં આવેલા બાંધકામોની અને નહી તોડવામાં આવેલા બાંધકામો,ફરીથી બાંધવામાં આવેલા બાંધકામો, અને આવા બાંધકામોમાં ગટર,વીજળી, પાણી , રોડ અને વેરા સંબધિત સુવિધાઓ બાબતે મુદૃા નં.૧ થી ૬ થી માંગવામાં આવેલી માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૭–૬–'૦૮ ની અપીલ અરજી નં.૬૪/–૦૮–૦૯

શ્રી ભરતભાઈ ભગવાનભાઈ પટેલની તા.૧૨–૫–૦૮ ની અરજીથી વરાછાઝોન વિસ્તારમાં બિનઅધિકૃત બાંધકામની જવાબદારી તેમજ બેકાળજી બદલ પગલાંની જોગવાઈ, ડીમોલેશનની કામગીરીમાં પ્રાયોરીટી, તોડવામાં આવેલા બાંધકામોની અને નહી તોડવામાં આવેલા બાંધકામો,ફરીથી બાંધવામાં આવેલા બાંધકામો, અને આવા બાંધકામોમાં ગટર,વીજળી, પાણી , રોડ અને વેરા સંબધિત સુવિધાઓ બાબતે મુદૃા નં.૧ થી ૬ થી માંગવામાં આવેલી માહિતી બાબતે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૨૧ તા.૧૦–૬–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી વિરોધાભાસ તેમજ અમુક જવાબ મુળ સવાલને અનુસરીને આપવામાં આવ્યા નથી તેવા કારણસર મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૭–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો આપેલ માહિતીમાં કોઈ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહપહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૨ તા.૨૧–૬–૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ માહિતીની નકલ મળેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ વરાછાઝોન ધ્વારા અરજદારને છ મુદૃાની માહિતી આપી મુદૃા નં.૩ અંગે નિયત ફી ભરી માહિતી મેળવી લેવા જણાવેલ છે. જેથી અરજદારે તે મેળવી લેવી રહે. મુદૃા નં.૪ અંગે આંશિક માહિતી " કેટલા સમયથી કયા બાંધકામો બિનઅધિકૃત હોવા છતાં નથી તોડવામાં આવ્યા " તેવી વિગત પૂરી પાડેલ ન હોય ઉપલબ્ધ દફતરી માહિતી આરટીઆઈના કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોન ..... જાણ તથા અમલ માટે.
(૨)શ્રી ભરતભાઈ ભગવાનભાઈ પટેલ,